

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા



વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ -૬૮,
'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ
૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસનાધામ, વેમાર

(ગયા અંકથી ચાલુ...)

**પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "એ નાસ્તિકપણાનો હેતુ તે કોઈ પૂર્વનું કર્મ છે કે કોઈ કુસંગ છે ?"**

બે કારણ છે. કાં તો પૂર્વનું કર્મ અને કાં તો કુસંગ. ગયા જન્મમાં એવાં શાપિત કર્મો કર્યાં છે કે આ જન્મે પણ એ શાપ સાથે લઈને આવ્યો છે. જેવું વાવશો તેવું લણશો. જેવાં કર્મો તેવી ગતિ. આપણી હિન્દુ ફિલોસૉફી કર્મમાં અને પુનર્જન્મમાં પણ માને છે. માને છે એટલે કે સ્વીકારે છે. ભગવાનમાં પણ માને છે અને ભગવાનની પ્રતિમામાં પણ માને છે. સંતમાં માને છે અને ગુરુને પણ માને છે. ગુરુ થકી જ્ઞાન પ્રાપ્ત કરવાની આ પાઠશાળા છે. તો પૂર્વજન્મમાં જે કર્મ કર્યું એના કારણે આ જન્મે આસ્તિકતા આવતી નથી, હજુ પેલો શાપ ભેગો ચાલ્યો આવે છે, એટલે નાસ્તિક છે.

અને બીજું કુસંગ. એવો સંગ મળ્યો છે કે જે ભગવાનથી દૂર લઈ જાય છે. કુ-સંગ, સત્-સંગ - બહુ સુંદર શબ્દો છે. સત્ય સાથે જોડનારો, સાધુ સાથે જોડનારો, સત્ શાસ્ત્ર સાથે જોડનારો જે સંગ છે- સંગત છે એને આપણે સત્સંગ કહીએ છીએ. સત્સંગનું પણ બહુ મોટું માહાત્મ્ય છે. કુ-સંગ - 'કુ' એટલે કડવું ; આ બધાથી દૂર લઈ જનારા. અશુભ અને અમંગલ કરનારાનો જો સંગ મળે તો આપણે એ રસ્તે ચઢી જઈએ. આપણે તો દોડવું હતું ને ઢાળ મળ્યો. હલકી વસ્તુ આપણે તરત પકડી લઈએ છીએ. કોઈકની અભાવની, અવગુણની, મોળી, નિંદાની, ખટપટની વાત તરત સાંભળી લઈએ છીએ અને સાચી માની લઈએ છીએ. અને શાસ્ત્રની વાત, સદ્‌ગુરુનું વચન, સત્ય વચન એને પકડતાં બહુ વાર લાગે છે. 'અરે એવું તે કંઈ હોતું હશે ? એવું કોણ કહી ગયું ? અને પુસ્તકમાં લખ્યું એટલે ઓછું કંઈ તે સાચું જ હોય ?' આવી જન્મજાત મનોવૃત્તિ લઈને આપણે જન્મ્યા છીએ એટલે સત્સંગ એ સામા પ્રવાહે ચાલવાનું કામ છે, ઉપર ઊઠવાનું કામ છે. અને કુસંગ તો આમેય જોઈતું હતું ને મળી ગયું એવું છે. ચાર દોસ્તારો મળી ગયા એટલે મંદિરે જવા માટે જે પગ નીકળ્યા હતા તે મદિરાપાન કરવા માટે જતા રહ્યા; કુસંગ મળી ગયો એટલે.

આ બેમાંથી નાસ્તિકપણાનો હેતુ શું છે ? પૂર્વજન્મનું પાપ કે શાપ કે જે સાથે લઈને આવ્યા છીએ એ ? કે આ જન્મે કુસંગ થઈ ગયો છે એ ? મુક્તાનંદ સ્વામી આપણા સૌના હિતને માટે પૂછે છે.

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "નાસ્તિકપણાના હેતુ તો નાસ્તિકના ગ્રંથ સાંભળવા એ જ છે અને નાસ્તિકના ગ્રંથને વિષે જેને પ્રતીતિ હોય તેનો જે સંગ તે પણ નાસ્તિકપણાનો હેતુ છે. અને વળી કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ પણ નાસ્તિકપણાના હેતુ છે.**

'હેતુ' એટલે અહીંયાં પરિણામ કહીશું. નાસ્તિક છે એટલે જ એનામાં કામ છે, ક્રોધ છે, લોભ છે, અહંકાર છે, માન છે અને ઈર્ષ્યા છે. જો ભક્ત હોય અને ભગવાનમાં આસ્થા હોય, ભગવાનને કર્તા-હર્તા માનતા હોય, તો એનામાં રૂડા અને શુભ ગુણો હોય છે. રૂડા સાધુગુણે યુક્ત બનવાની વાત પણ સ્વામિનારાયણ ભગવાને સમજાવી છે. 'યુક્ત' એટલે જોડાવું-જોડાયેલો. 'રૂડા ગુણો જેણે ધારણ કર્યા છે તેવા સાધુમાં અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ.' એવું પણ એક વચનામૃતમાં મહારાજે કહ્યું છે. કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને ઈર્ષ્યા એ નાસ્તિકપણાના હેતુ છે.

**કેમ જે, એ માંયલો એકે સ્વભાવ વર્તતો હોય ત્યારે નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તોય પણ મનાય નહીં.**

નારદ અને સનક-આદિક જેવા સાધુ ! નારદને સાધુ કહ્યા. કેવા સાધુ? તો ભગવાનનો સંદેશો સૃષ્ટિ ઉપર પ્રસારનારા સાધુ. ભગવાનના માહાત્મ્યના ગાનમાં અહોનિશ એક તાનમાં રહેનારા નારદ ઋષિ છે. આપણે એમ સમજીએ છીએ કે, નારદ એટલે ઝઘડો કરાવનારા. બધી કથાઓમાં પણ નારદનું ચરિત્ર એવી રીતે ચીતરવામાં આવ્યું છે કે, જ્યાં સુલેહ હોય, શાંતિ હોય, પ્રેમ હોય, આનંદ હોય ત્યાં જઈને દીવાસળી ચાંપી આવે, જરાક સળી કરી આવે એ નારદ. ના, એ નારદ નથી. નારદ એટલે જ્યાં કોઈપણ પ્રકારના દર્દનો ભાવ નથી અને જ્યાં ભગવાનનો જ ભાવ છે. જેમના શ્રીમુખેથી ભગવાનનું જ અખંડ કીર્તન અને ભક્તિ થયા કરે છે. દેવલોક-ભગવાનના લોક-ભગવાનના ધામમાંથી ભગવાનનો સંદેશો લઈને તેઓ પૃથ્વી ઉપર વિચરે છે. અને એ વિચરણ દરમિયાન એક હાથમાં વીણા અને બીજા હાથમાં કરતાલ લઈને 'નારાયણ... નારાયણ...' ભગવાનનું જ તેઓ નામસ્મરણ કરે છે. 'નારાયણ' એટલે પરબ્રહ્મનું પરમ તત્ત્વ. અને નારદ એટલે બ્રહ્મરૂપે રહીને પરબ્રહ્મની ઉપાસના કરનારો સાધુ ! નારદ-સનકાદિક જેવા સાધુ વાત કરે તો પણ મનાય નહીં, પછી ભગવાન જ એનો ઉપાય બતાવે છે.

**અને એ નાસ્તિકપણું મટે ક્યારે ? તો જ્યારે શ્રીમદ્ ભાગવત જેવા આસ્તિક ગ્રંથને વિષે કહી જે જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપ એવી ભગવાનની લીલા તેને સાંભળે...**

ભાગવત કથાની વાત અહીંયાં આવી. શ્રીમદ્ ભાગવતમાં શું છે ? ભગવાન શ્રી સ્વામિનારાયણે જે સદ્ શાસ્ત્રોને વખાણ્યાં છે, એમાનું એક શાસ્ત્ર છે શ્રીમદ્ ભાગવત ! વ્યાસ ભગવાન એના રચયિતા છે. શાસ્ત્રો એવું કહે છે કે, એમણે જ્ઞાનના, બ્રહ્મવિદ્યાના અને ગૂઢ રહસ્યોના ઘણા અદ્ભુત ગ્રંથો રચ્યા, પણ એમને પોતાને અંતરમાં સહજાનંદ, બ્રહ્માનંદ પ્રગટ્યો નહીં. જ્ઞાન શુષ્ક છે, જ્ઞાન એ ગંભીર વિષય છે ; જ્યારે ભક્તિ એ પ્રેમનો વિષય છે, એમાં મજા આવે. એમ કહેવાય છે કે, વ્યાસ મુનિને નારદજી મળ્યા અને એમણે એમ કહ્યું કે, તમે બહુ શાસ્ત્રો રચ્યાં, જ્ઞાનની, બ્રહ્મવિદ્યાની, ગૂઢ રહસ્યોની બહુ વાતો કરી, પણ તમારે પ્રેમની વાત કરવી હોય અને અખંડ આનંદ, બ્રહ્માનંદની અનુભૂતિ કરવી હોય તો તમે ભગવાન શ્રી કૃષ્ણના જન્મથી લઈને એમણે શરીરની લીલા સંકેલી લીધી ત્યાં સુધીની લીલાઓનું વર્ણન કરતો ગ્રંથ રચો. વિષ્ણુના દશ અવતારોની આપણે પૂજા કરતા આવ્યા છીએ. તેમાંનો એક અવતાર ભગવાન શ્રી કૃષ્ણ અને વિષ્ણુના સંદેશવાહક નારદજી. અને પછી વ્યાસ મુનિએ જે ગ્રંથ રચ્યો એનું નામ ભાગવત છે.

ભાગવતમાં ભગવાનના દશેય અવતારોની કથા આવે છે. મોટે ભાગે ભાગવતની કથા થાય છે તેમાં શ્રી કૃષ્ણજન્મ ઊજવાય છે, રુકિમણી વિવાહ ઉજવાય છે અને 'જય શ્રી કૃષ્ણ' કહી ભાગવતની કથા પૂરી થાય છે. પણ, ભાગવતની આખી કથા કરવી હોય તો બહુ દિવસો જોઈએ. કારણ કે, એમાં બધા અવતારોની લીલાઓનું વર્ણન આવે છે. એમાં ઘણા બધા ઋષિઓ, ઘણા બધા ભક્તોની કથાઓ જોડાયેલી છે. એમાં શુકદેવજીની કથા પણ જોડાયેલી છે. ઘણી બધી કથાઓની અંદર બીજી એટલી પેટા કથાઓ કે જેનો પાર જ આવે નહીં. આપણે યાદ રાખવું પડે કે, કોનો સંબંધ કોની જોડે છે ? એ આના કોણ થાય ? અને એ એના શું હતા? ઘણી બધી કથાઓનો બહુ સુંદર ગ્રંથ છે. પણ એમાં ભગવાનની ભક્તિની જે વાત છે એ ભાગવતના દસમા સ્કંધમાં-દસમા પ્રકરણમાં કરી છે. ભાગવતના દસમ સ્કંધને સ્વામિનારાયણ ભગવાને વિશિષ્ટપણે વખાણ્યો છે, કારણ કે એમાં ભગવાન સાથે પ્રેમ કેવી રીતે કરશો ? એ ભક્તિની રીત સમજાવી છે. ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય કેવી રીતે સમજશો ? ભગવાનના સાધુનું માહાત્મ્ય કેવી રીતે સમજશો ? એ ભક્તિની વાત દસમ સ્કંધમાં ભગવાને સમજાવી છે, વ્યાસ મુનિએ સમજાવી છે. અને એ ભક્તિથી જીવન ધન્ય ધન્ય છે ! એવી ધન્યતા એ ભાગવતની કથા છે. અહીંયાં આપણે એ વાત સમજવાની છે.

એટલે જ તમે જુઓ કે, પિતૃતર્પણ - પિતૃઓની સદ્ગતિ માટે પણ સંતાનો ભાગવતની કથા બેસાડે છે. ભાગવતની કથા કેમ થાય છે ? તો આપણા વડીલોમાં એ જે આસ્થા હતી, જે શ્રદ્ધા હતી, જે ભક્તિ હતી, જે માન ને મર્યાદા હતાં, જે વિવેક હતો, સમાજમાં આપસઆપસમાં જે પ્રેમ હતો; એ સંસ્કારોને ટકાવી રાખવા માટે ભાગવતની કથા પંડિતને બોલાવીને કરાવવામાં આવે છે. પિતૃઓની તો સદ્ગતિ થાય, પણ એ કથા કરાવનાર, કથા કરનાર અને કથા સાંભળનારની પણ આસ્તિકતા વધે અને એ સત્યના માર્ગે ચાલે એ એની પાછળનો હેતુ હોય છે. એટલે ભાગવત કથાનું માહાત્મ્ય છે.

અહીંયાં સ્વામિનારાયણ ભગવાને પણ કહ્યું, શ્રીમદ્ ભાગવત જેવો આસ્તિક ગ્રંથ અને એને વિશે કહી જે જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલયરૂપ એવી ભગવાનની લીલા. ભગવાન કર્તા-હર્તા છે. ભગવાનને રમવાનું મન થયું. અને એક રમકડે એ રમ્યા એ આપણી સૃષ્ટિ ! અને એ ભગવાનનો ખેલ કે, એમની ઇચ્છાથી ઉત્પન્ન થયું અને એમની ઇચ્છાથી વિસર્જન થયું. તો ઉત્પન્ન તો થયું એનું વિસર્જન તો થશે, પણ પાલન જે થઈ રહ્યું છે તે એ જ કરી રહ્યા છે.

'યોગક્ષેમ વહામ્યહમ્' ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને પણ અભય વરદાન આપ્યું કે, તારા યોગ અને ક્ષેમનું હું વહન કરું છું. 'યોગ' એટલે

પ્રાપ્ત થવું-મળવું, જોગ થવો-સંજોગ થવો. અને 'ક્ષેમ' એટલે મળેલું ટકાવી રાખવું. તમને પ્રાપ્ત થયેલું તમે સુખેથી ભોગવો એની જવાબદારી ભગવાન કહે, મારી છે. પણ એના માટે શું કરવું પડે ? ભગવાન કહે, 'મારે શરણે આવ, હું કહું એમ કર અને મારામાં જોડાવ.' આ ગીતાનો સંદેશો છે.

આ ઉત્પતિ, સ્થિતિ અને પ્રલય રૂપ એવી ભગવાનની બધી જે લીલા છે તેને સાંભળે. સાંભળવું એ બહુ ધીરજનું કામ છે. કોઈ પોતાના વિચારો રજૂ કરતા હોય, કોઈ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરતા હોય, કોઈ પોતાની બડાઈની વાતો કરતા હોય એને શાંતિથી સાંભળી લેવી, સહન કરી લેવી એ બહુ મોટી ભક્તિ છે. અને નવધા ભક્તિનો પહેલો પાયો 'શ્રવણમ્'- સાંભળતાં શીખવાનો છે. ઘરમાં, પરિવારમાં, વ્યવહારમાં અને વેપારમાં પણ ઘરાકની વાત સાંભળતાં શીખો. ખાલી તમારો માલ ના વેચે રાખો, ઘરાકને શું જોઈએ છે ? એ સાંભળવું તે બહુ મોટી કળા છે. તમે પ્રૅક્ટિસ કરજો, જ્યારે તમે જમવા બેઠા હોવ ત્યારે જ વાતની રજૂઆત થાય, ત્યારે જમવું કે સાંભળવું ? જમતાં જમતાં પણ સાંભળવું.

'ખરેખરા શ્રુત થાવું, એકેય શબ્દ વૃથા જાવા દેવો નહીં.' એવું યોગીજી મહારાજે 'યોગીગીતા'માં પણ લખ્યું છે. આપણે જો એમના અનુયાયીઓ હોઈએ તો આપણે ખરેખરા શ્રુત થવું. અહીં શું લખ્યું છે ? 'ભગવાનની લીલાને સાંભળે.' પોતે કરવા ના મંડી પડે. આપણે તો પોતે જ લીલા કરવા મંડી પડીએ છીએ.

શ્રવણ ભક્તિ-શ્રવણમ્ પછીનું બીજું પગલું છે કીર્તનમ્. ભગવાનની કીર્તિ, ભગવાનનાં યશોગાન. જે સાંભળ્યું એનાં ગુણગાન, મહિમાની વાતનો વિસ્તાર કરો એ છે કીર્તન. કીર્તન એટલે માત્ર છબલીકાં વગાડવાં એમ નહીં. કીર્તનમાં શું આવે ? ભગવાનની મૂર્તિનું વર્ણન આવે, ભગવાનનાં ઐશ્વર્ય-પ્રતાપનું વર્ણન આવે, ભગવાને આપણાં કામ કર્યાં એની વાતો આવે, દ્રૌપદીનાં ચીર પૂર્યાં, નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી એની વાતો આવે ; એ કીર્તન છે. કીર્તિ ! પણ એ પહેલાં સાંભળવી પડે. આગળ કહ્યું કે, શ્રીમદ્ ભાગવત જેવા આસ્તિક ગ્રંથને વિશે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ એવી જે ભગવાનની લીલા એને સાંભળવી પડે. ભાગવતમાં ભગવાનનાં કાર્યો જ છે, પણ એવાં કાર્યો છે કે જે મનુષ્ય જેવાં છે. તામસિક વૃત્તિ, રાજસિક વૃત્તિ કે સાત્ત્વિક વૃત્તિ એ બધી જ વૃત્તિઓને આધીન થઈને જાણે કે વર્ત્યા હોય એવી રીતે ભગવાને ક્રિયાઓ કરી છે, મનુષ્યચરિત્ર કર્યાં છે. પણ ભગવાનના ભક્તોએ એને લીલા તરીકે દિવ્ય માનીને ગાઈ છે. એવા પ્રભુની લીલા વ્યાસજીએ ગાઈ અને એની કથા શુકદેવજીના શ્રીમુખે પરીક્ષિતે સાંભળી તો એમને મોક્ષની ગતિ પ્રાપ્ત થઈ.

બાકી એવો મહિમા ના હોય તો નગરનાં એક માજીએ એમ કહ્યું કે, 'સાત દા'ડા સુધી આ બામણે બોલબોલ કર્યું અને રાજાએ એની કથા સાંભળી તો પણ મોત તો આવ્યું ને એ મરી ગયો.' આપણે એમ સમજીએ છીએ કે, આપણે ભાગવતની કથા સાંભળીએ એટલે આપણે અમર થઈ જઈએ, આપણને મોત ના આવે ને આપણે મરી ના જઈએ. પણ ઓગણપચાસ વર્ષની બહુ નાની વયે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના દેહની લીલા સંકેલી લીધી તો મારી-તમારી-સૌની દેહની લીલાઓ તો એનો સમય આવશે એટલે સંકેલાઈ જવાની છે.

ઉત્પત્તિ એમણે કરી છે, પાલન પણ એમણે કર્યું છે અને પ્રલય પણ તેઓ કરવાના છે. અને એટલે આપણે આપણી વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણ દેવોને ગોઠવી દીધા. એક રચના કરે, બીજા પાલન કરે અને ત્રીજા વિસર્જન કરે ; એ ભગવાનનું પ્રતીક છે. ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરનારા છે એટલે આપણે એમને કર્તા-હર્તા કહ્યા, ધાર્યું એમનું થાય છે, અને એમની ઈચ્છા વગર સૂકું પાંદડું પણ હાલતું નથી એમ કહીએ છીએ.

બીજી મુદ્દાની વાત કે, જેણે આશરો ગ્રહણ કર્યો છે અને જે ભગવાનનો ભક્ત થયો છે એ ભગવાનની મરજીનો સ્વીકાર કરે છે. માગણી જરૂર કરે છે, માગણી કરવાની છૂટ આપી છે, પણ ભગવાનની મરજીનો સ્વીકાર કરે છે એ ભગવાનનો ભક્ત છે. અને એ મરજીવો થઈ ગયો, એને મોત આવતું નથી, એ અમર થઈ ગયો, અમરત્વને પામી ગયો. આ રહસ્ય પણ બીજાં વચનામૃતોમાં આવશે. તો આવી રીતે એક તો શ્રીમદ્ ભાગવત જેવો સદ્ગ્રંથ સાંભળવો તો આસ્તિકતા આવે.

**તથા ભગવાનનું અને સંતનું માહાત્મ્ય સમજે ત્યારે એનું નાસ્તિકપણું જાય અને આસ્તિકપણું આવે.**

આવી આસ્થા, આવી આસ્તિકતા, આવી શ્રદ્ધા ભગવાનની મૂર્તિને વિશે, ભગવાનના ધારક પ્રગટ ગુરુરૂપ હરિ સાહેબદાદાના શરીરને વિશે અને એમના સંબંધવાળા ભક્તો-મુક્તોને વિશે થાય. વધારે નહીં તો મંદિર પરિસરમાં હોઈએ ત્યાં સુધી કાંઈ માથાકૂટ કરવી નહીં. મંદિર એ માથાકૂટ કરવાની જગ્યા નથી. મંદિરના પરિસરમાં આ પવિત્રતા સચવાઈ રહે તો આપણે ભગવાનની મર્યાદા સમજ્યા, ભગવાનનું માહાત્મ્ય સમજ્યા, ગુરુની મર્યાદા સાચવી, ગુરુની મર્યાદા સમજ્યા કહેવાય. તો આપસઆપસમાં ભગવાનના ભક્તો સાથે પ્રેમ, શાંતિ અને આનંદની સદાય અનુભૂતિ થાય તેવી સહજાનંદી કૃપા આપણા સર્વ ઉપર ઉતરે તેવી શ્રી ગુરુચરણે, પ્રભુ ચરણે મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆